ગાંધીનગર સમાચાર

આજકાલ હળદળિયું અને તુવેર-ટોઠા હોટ ફેવરીટ

# ઈદે મિલાદની શહેરમાં ભવ્ય ઉજવણી






ગાંધીનગર, તા. ૧૨

ઈસ્લામ ધર્મના મહાન પયગંબર હઝરત મોહમંદ (સ.અ.વ.) સાહેબના જન્મદિને ઈદે મિલાદની ભવ્ય ઉજવણી શહેરમાં થઈ હતી. ગાંધીનગરના વિવિધ માર્ગોપર ભવ્ય જુલુસ નિકળ્યુ હતુ. તથા સેક્ટર-૨૧ અને સેક્ટર-૨૯ની મસ્જિદમાં વાએઝ સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

ઈદે મિલાદની ઉજવણી ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં ઈદેમિલાદની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શહેરના વિવિધ મુસ્લિમ વિસ્તારોમાંથી શણગારેલી ટ્રકો, ઊંટગાડીઓ, નિશાને આલમની પાર્ટીઓ, બેન્ડ, ઘોડા, સુંદર કલાત્મક રીતે શણગારેલી બગી, કલાકૃતિઓ, ઢોલ તાંસા પાર્ટીઓ સહિતનું ભવ્ય જુલુસ નિકળ્યુ હતુ. જુલુસ પુર્ણ થયા બાદ સેક્ટર-૨૧ મસ્જિદમાં આમનિયાઝનો કાર્યક્રમ યોજાયો હતો. આ જુલુસનું વિવિધ વસાહતીઓ આગેવાનો દ્વારા ભવ્ય સ્વાગત કર્યુ હતુ. ગાંધીનગર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારના મુસ્લિમ બિરાદરો ખુબ મોટી સંખ્યામાં આ જુલુસમાં જોડાયા હતા. સેક્ટર-૨૧ અને સેક્ટર-૨૯માં વાએઝ સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. મસ્જિદો અને ઈમારતોને રોશનીથી શણગારવામાં આવી હતી.

## @ગાંધીનગર

● શ્રી હનુમાનજી મહારાજના સંગીતમય સુંદરકાંડના પાઠ યુવા કથાકાર ભારતીબાપુની વ્યાસપીઠે બ્લોક નં. ૧૦૩, છ ટાઈપ સે-૨૩ ખાતે રાત્રે ૮ કલાકે યોજાશે.

## પી.આઈ. ટુ ડી.વાય.એસ.પી.ની બઢતી પ્રક્રિયા અંતિમ ચરણમાં

ગાંધીનગર, તા.૧૨

રાજયના પોલીસ તંત્રમાં પી.આઈ. કક્ષાના અધિકારીઓને ડી.વાય.એસ.પી. તરીકે બઢતી આપવાની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે અને આગામી એકાદ સપ્તાહમાં બઢતી બદલીનો દોર હાથ ધરવામાં આવનાર છે. જે મુદ્દો હાલ પોલીસ તંત્રમાં ચર્ચાસ્પદ બન્યો છે.

રાજયભરના પોલીસ તંત્રમાં પી.આઈ. કક્ષાના અધિકારીઓને ડી.વાય.એસ.પી. તરીકે બઢતી આપવા માટે ડીપીસીમાં પસંદગી કરીને પ્રવરતા યાદી તૈયાર કરીને જીપીએસસીની મંજુરી અર્થે દરખાસ્ત મોકલી આપવામાં આવી હતી તેવી માહિતી ગૃહ વિભાગના સૂત્રો પાસેથી મળી હતી.

આ બઢતી માટેની પ્રક્રિયા એ ગૃહ વિભાગ દ્વારા પી.આઈ. ને ડીવાયએસપી તરીકે બઢતી આપવાની દરખાસ્તને મંજુરી આપીને રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગને પરત મોકલી આપવામાં આવી છે. જીએડી આ દરખાસ્તને બે ત્રણ દિવસમાં મંજુરી આપીને ગૃહ વિભાગને પરત મોકલી આપશે. ગૃહ વિભાગ દ્વારા તૈયાર બાદ બઢતી અંગેની મંજુરી મેળવવા રાજય સરકારને દરખાસ્ત રજૂ કરશે અને સરકારની મંજુરી મળ્યા બાદ આગામી એક સપ્તાહમાં પી.આઈ. કક્ષાના અધિકારીઓને ડીવાયએસપી તરીકે બઢતી આપવા માટેની પ્રક્રિય હાથ ધરાશે અને હુકમો કરાશે ઉપરાંત ડીવાયએસપી તરીકે ત્રણ વર્ષ સુધી એક જગ્યાએ ફરજ બજાવી ચુકેલ અધિકારીઓની પણ બદલીઓ કરવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

# વીમા પોલીસીના બહાને ૧.૧૦ કરોડની છેતરપીંડીની ફરિયાદ

## ઉર્જાનગર ખાતે બેંક તથા આંગડિયા પેઢીનો ઉપયોગ કરી છેતરપીંડી આચરાઈ : છ આરોપીઓ સામે ફરિયાદ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીકના ઉર્જાનગરમાં રહેતા યુવકને છ જેટલા શખ્સોએ વીમા પોલીસી ઉતારી આપવા અને યોગ્ય રોકાણનો ફાયદો કરાવી આપવા કાવતરુ રચી બેંક અને આંગડીયા પેઢી મારફતે રૂ. ૧.૧૦ કરોડની છેતરપીંડી કરી હોવાની ફરિયાદ ઈન્ફોસીટી પોલીસ મથકે નોંધાઈ હતી.

ગાંધીનગર નજીક ઉર્જાનગરમાં પ્રવીણ લાલજી વાજા પોતાના પરિવાર સાથે રહે છે. પ્રવિણભાઈને એક મિત્રએ વીમા પોલીસીના નાણાંનું યોગ્ય રોકાણ કરાવી ફાયદો કરાવી આપવાનો વિશ્વાસ અપાવ્યો હતો અને જુદા જુદા સમયે પ્રવિણભાઈ વાજા પાસેથી બેંક તેમજ આંગડીયા પેઢી મારફતે રૂ. ૧.૧૦ કરોડની રકમ મેળવી ફરિયાદી સાથે કાવતરુ રચી છેતરપીંડી કરી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. પરિણામે ફરિયાદી પ્રવીણ વાજાએ રાજીવ શુકલા, રોહીત શર્મા, અવીશ સકસેના, રાજીવ અગ્રવાલ, યાદવ, દિક્ષા સુનીલકુમાર સહિતના છ વ્યકિત સામે ઈન્ફોસીટી પોલીસમાં છેતરપીંડીની ફરિયાદ નોંધાવી હતી. જે મામલે પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.



હિન્દુ સંસ્કૃતિમાં વ્યકિતના અવસાન બાદ તેના અસ્થિને ગંગાજીમાં પધરાવવાથી મૃતકના આત્માને શાંતિ અને મોક્ષ પ્રાપ્ત થાય છે તેવી માન્યતા છે આથી દરેક મૃતકના સ્નેહીજનોને તેમના અસ્થિ હરદ્વાર ખાતે ગંગાજીમાં પધરાવવાની મહેચ્છા હોય છે પરંતુ સમય, સંજોગ અને કારમી મોંઘવારીના જમાનામાં દરેક પરીવાર માટે આ શકય બનતું નથી. ગાંધીનગરમાં જુનિયર સીટીઝન કાઉન્સિલ દ્વારા આવા મૃતકોના અસ્થિ ગંગાજીમાં પધરાવવાની સેવા આપવામાં આવે છે. આ વખતે પંચદેવ યુવક મંડળ સાથે મળીને અસ્થિ વિસર્જનની સેવા સંપન્ન કરવામાં આવી હતી. સેવા માટે પરેશ પટેલ, દિનેશ પારેખ, અતુલ નાયક, નયન મધુકર, ઉમંગ પંડયા, રવિ રાવલ, તેજસ રાવલ, મેહુલ નાયક, અલ્પેશ પટેલ, યાજ્ઞિક પટેલ, અજય પટેલ, પ્રકાશ મહેતા, વિમલ પુજારા વગેરે સ્વયંસેવકોએ આ સેવા કાર્ય હરદ્વાર જઈ સંપન્ન કરવાની સેવા આપી હતી.



ગાંધીનગર પાસેના બીએસએફના ફ્રન્ટિયર ગુજરાત એકમ ખાતે રાષ્ટ્રીય કક્ષાની ઈન્ટર ફ્રન્ટિયર લૉન ટેનિસ ટૂર્નામેન્ટ ચાલી રહી છે. આ ટૂર્નામેન્ટમાં આખા દેશમાંથી બીએસએફ ફ્રન્ટિયર્સમાંથી આવેલ ૪૪ પ્રતિ સ્પર્ધીઓએ ભાગ લીધો છે. આ સ્પર્ધાના ટીમ ઈવેન્ટમાં બીએસએફ મુખ્યાલય દિલ્હી, બીએસએફ એકેડેમી ટેકનપુર (મધ્યપ્રદેશ), ફ્રન્ટિયર મેઘાલય તથા ફ્રન્ટિયર કાશ્મિરે કવાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. જેમાંથી બીએસએફ એકેડેમી ટેકનપુર અને ફ્રન્ટિયર મેઘાલય સેમિ ફાઈનલમાં પહોંચ્યા છે. વેટરન ડબલ્સ કેટેગરીમાં બીએસએફ મુખ્યાલય નવી દીલ્હીના આર.સી. ધ્યાની તથા ગાંધીનગર ખાતેની ફ્રન્ટિયર ગુજરાતના આઈજી અજયકુમાર તોમર કવાર્ટર ફાઈનલમાં પહોંચ્યા છે.



મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની આજે ક્રિકેટ એસોસિએશન ફોર બ્લાઈન્ડના ખેલાડીઓએ ગાંધીનગરમાં શુભેચ્છા મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ દિવ્યાંગ ક્રિકેટ ખેલાડીઓને શુભેચ્છા પાઠવીને ઉત્તરોત્તર સફળતાની શુભકામના આપી હતી.

## વાતવાતમાં

● ઉવારસદ ખાતેના લગ્ન સત્કાર સમારંભના ભોજન સમારંભમાં થયેલા ફુડ પોઈઝનીંગના પગલે પટેલ સમાજના અનેક જ્ઞાતિજનો ઝાડા ઉલ્ટીનો ભોગ બન્યા હતા. પીડિતોની ખબર પૂછવા પાટીદાર અનામત આંદોલનના અગ્રણી નેતા તથા સરદાર પટેલ ગૃપના અધ્યક્ષ લાલજીભાઈ પટેલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતાં.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં તાજેતરમાં જ સરકારે પ્રારંભ કરેલ જનરિક દવાઓના સ્ટોર્સ પરના ત્રણ કોમ્પ્યુટરમાંથી બે બંધ થઈ જતા માત્ર એક જ કોમ્પ્યુરના કારણે ગ્રાહકોને તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. વળી, હજુ હમણાં જ ચાલુ કરાયેલા આ સ્ટોર્સ પર ઘણી બધી દવાઓ 'આઉટ ઓફ સ્ટોક' છે.

● સિવિલ હોસ્પિટલ ખાતે ગાંધીનગરના પૂર્વ કલેકટર તથા સિનિયર સનદી અધિકારી એસ.જે. હૈદર તેમની આંખોનું ચેકઅપ કરાવવા આવી પહોંચ્યા હતા. તેઓએ તેમની પત્નિ અને દિકરી સાથે પરિવાર સહિત આંખોની તપાસ કરાવવા હોસ્પિટલની મુલાકાત લીધી હતી.

# આજકાલ હળદળિયું અને તુવેર-ટોઠા હોટ ફેવરીટ

## શહેરમાં ઘ-૫ ફૂડ કોર્ટ અને જુની ચોપાટીએ ખાણી-પાણી બજાર ધમધમ્યા : હળદળિયુ, તુવેર ટોઠા, સરસો કા સાગ, બેંગન-ભરથા અને દાલબાટી ઈન-ડિમાન્ડ




'દાળ-બાટી એ જૂની ચોપાટીની વર્ષોથી લોકપ્રિય આઈટમ રહી છે. શિયાળામાં દાળ બાટીના શોખીનો ખાસ માંગ કરે છે અને તેની ઘરાકી પણ વધી જાય છે. દાળ બાટીમાં અલગ અલગ દાળના કોમ્બીનેશન શોખીનો પસંદ કરે છે. બાટીમાં ઘીનું પ્રમાણ વધુ ઉપયોગમાં લેવાય છે તથા સાથે લસણની ચટણી સ્વાદને ચટાકેદાર બનાવે છે.'

**- હરેન્દ્રસિંહ વાઘેલા**
**વાઘેશ્વરી દાળબાટી સેન્ટર, જુની ચોપાટી**



'હળદળિયું એ રાજસ્થાનમાં હલ્દી કી સબ્જી તરીકે જાણીતું હતું પરંતુ અહીં ગુજરાતમાં એ ગાંધીનગરની વાનગી તરીકે લોકપ્રિયતા પામ્યું છે. હળદળિયા સાથે બાજરાનો રોટલો, સરસો કા સાગ સાથે મકાઈનો રોટલો તથા રીંગણનું ભરથુ જેમાં ભટ્ટા રીંગણને તંદૂરમાં શેકીને બનાવાય છે તે હાલની મૌસમમાં ખૂબ જ લોકપ્રિય છે. આ તમામ વાનગીઓમાં ઘી અને ગરમ મસાલાનો ઉપયોગ થાય છે તેથી તે ખૂબ જ સ્વાદિષ્ટ બને છે.'

**- મનોજકુમાર, એ-૧ ફુડ પોઈન્ટ, ફૂડકોર્ટ**



'જુની ચોપાટી હોય કે ફુડ કોર્ટ, શિયાળામાં તુવેર ટોઠા, દાળ-બાટી, હળદળિયું સાથે ગરમાગરમ પરોઠા શાક વગેરેની માંગ પણ વધે છે. શિયાળામાં આમ પણ ખાણી પીણી ઘરાકી વધુ હોય છે. જેમાં શોખીનો તમામ મસાલેદાર વાનગીઓ ખાવાનું વધુ પસંદ કરે છે.'

**- દાદુભાઈ**
**ભોલેનાથ પરોઠા-શાક**

ગાંધીનગર, તા.૧૨

શિયાળાના આગમન સાથે જ ચટાકેદાર ખાણીપીણીના શોખીનો માટે જાણે ઉત્સવનો પ્રારંભ થાય છે. ગાંધીનગરના ઘ-૫ સર્કલ પાસે આવેલ ફુડકોર્ટ તથા જુની ચોપાટી શહેરની ખાઉઘરા ગલી તરીકે પ્રખ્યાત છે. અહીં સામાન્ય માણસથી લઈને વીઆઈપી સુધ્ધાં ચટાકેદાર વાનગીઓ માણવા પધારે છે. હાલ શહેરના આ ફુડ બજારમાં હળદળિયું, તુવેર ટોઠા, સરસો કા સાગ, બૈંગન-ભરથા અને દાલ-બાટી જેવી વાનગીઓની જબરદસ્ત ડિમાન્ડ ચાલી રહી છે. હળદળિયુ એટલે કે લીલી હળદળનું શાક અને બાજરીના રોટલાનું કોમ્બીનેશન એ હવે ગાંધીનગરની વાનગી તરીકે ખૂબ લોકપ્રિય થઈ રહ્યું છે. એજ રીતે તુવેર-ટોઠા પણ શિયાળાની વાનગી તરીકે પ્રખ્યાત થવા પામેલ છે.

હળદળિયું. જેને 'હલ્દી કી સબ્જી' તરીકે જાણીતું છે જે લીલી હળદળને ગરમ મસાલા સાથે બનાવવામાં આવે છે જેમાં ઘીનો ઉપયોગ કરવામાં આવે છે. આ શાક તેલના બદલે ઘીમાં જ બનતું હોવાથી સ્વાદિષ્ટ



હોવા ઉપરાંત મસાલેદાર હોય છે. સરસો કા સાગ એટલે હિન્દી ફિલ્મોમાં જે પંજાબની વાનગી તરીકે પ્રસિધ્ધ છે તે સરસોની ભાજીમાંથી બનતુ શાક છે. આ વાનગી હવે ગાંધીનગરમાં પણ લોકપ્રિય બની છે જેની શિયાળામાં સ્વાદના શોખીનો ખાસ માંગ કરે છે. તુવેર ટોઠા એ ગુજરાતની વાનગી છે જે લીલી તુલેરનું ઘીમાં બનાવાતું શાક છે જેને બ્રેડ સાથે આરોગવામાં આવે છે. આ પણ ઝડપથી લોકપ્રિય બનેલ વાનગી છે જે નાની પાર્ટીઓ જેવી કે બર્થ ડે પાર્ટી અથવા ફેરવેલ પાર્ટી વગેરે માટે ખૂબ ઓર્ડર કરવામાં આવી રહ્યું છે. આ સાથે ગુજરાતની કાઠિયાવાડી વાનગી બૈંગન ભરથા એટલે કે રીંગણનું ભરથુ અને મકાઈનો રોટલો પણ અત્યારે ઈન-ડીમાન્ડ છે. રાજસ્થાનની દાલ બાટી તો વર્ષોથી શિયાળામાં શહેરીજનોની પસંદગીની વાનગી છે જે જુની ચોપાટી પર ખાસ લોકપ્રિયતા ધરાવે છે. હાલ શહેરની ઘ-૫ ફૂડકોર્ટ પર રાત્રિના સમયે ખાણીપીણી બજારમાં ખુબ જ તેજી જોવા મળી રહી છે અને સ્વાદના શોખીનો વિવિધ વાનગીઓના ચટાકા માણી રહ્યાં છે.

# કરાઈ સાયફનમાં ડુબી ગયેલ ત્રીજા યુવાનનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક કરાઈ નર્મદા કેનાલના સાયફન પાસે ફોટોગ્રાફી કરવા ગયેલા ત્રણ કિશોરોના ડુબી જતા તમામના મોત થયા હતા. જેમાં બે કિશોરના મૃતદેહ તુરંત મળી ગયા હતા જયારે ત્રીજા યુવકનો મૃતદેહ આજે સવારે પાણીમાં તરતો મળી આવ્યો હતો. આ મામલે ડભોડા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીક સાબરમતી નદી પાસે નર્મદા કેનાલ સાયફન આવેલું છે. જયાં અવારનવાર ડુબી જવાના બનાવો બને છે. ત્યારે ગત ૯મીએ અમદાવાદ નાના ચિલોડા આસપાસના વિસ્તારમાં રહેતા ત્રણ કિશોરો ફોટોગ્રાફી કરવા સાયફન પાસે ગયા હતા. આ દરમિયાન અચાનક જ પાણીમાં ઉંડાણમાં પગ લપસતા ત્રણેય યુવાનો પાણીમાં ડુબી ગયા હતા અને ત્રણેયને મોત ભરખી ગયું હતું. ત્રણેય કિશોરો ડુબવાની ઘટના બનતા પોલીસ અને ફાયરની ટીમે બનાવ સ્થળે દોડી આવી મૃતદેહોની શોધખોળ હાથ ધરી હતી. જેમાં બે કિશોરના મૃતેદહ ગત રોજ મળી ગયા હતા જયારે એક કિશોર સાહિલ સુરેશભાઈ ચૌહાણ (ઉ.વ. ૧૭) (રહે. નાના ચિલોડા અમદાવાદ)નો મૃતદેહ મળ્યો ન હતો. જે આજે સવારે શોધખોળ દરમિયાન મળી આવ્યો હતો. ડભોડા પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## અવસાન નોંધ

શહેરના સે-૨૬ પ્લોટ નં. ૨૪૩/૧, કિસાનનગર ખાતે રહેતા નરેન્દ્રકુમાર કાલીદાસ શુકલના માતૃશ્રી સ્વ. સવિતાબેન કાલીદાસ શુકલનું ગત તા. ૪-૧૨-૨૦૧૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૩-૧૨-૨૦૧૬ને મંગળવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન તેમના નિવાસ સ્થાને રાખવામાં આવેલ છે.

## ચિરવિદાય

- સ્વ. હંસાબેન રમેશભાઈ પટેલ, ઉ.વ. ૮૫
- સ્વ. સીતાબેન બાજાજી ઠાકોર, ઉ.વ. ૮૮
- સ્વ. વિષ્ણુજી ઉદાજી ઠાકોર, ઉ.વ. ૩૦
- સ્વ. રજનીકાન્તભાઈ બાબુલાલ ભટ્ટ, ઉ.વ. ૫૭